# ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જૂનાગઢ.

**પરિપત્રઃ-**

વિષયઃ યુ.જી./પી.જી. સેમ-૧ની પ્રવેશ કાર્યવાહી તેમજ યુ.જી./પી.જી. સેમ-૧ના એનરોલમેન્ટ/રજીસ્ટ્રેશન તેમજ પ્રોવિઝનલ એલિજિબિલિટી સર્ટીફીકેટ(PEC) અંગેના ફોર્મ સ્વિકારવા બાબત.

સંદર્ભઃ (૧) ક્રમાંક/બીકેએનએમયુ/એકેડેમિક/૯૭૩/૨૦૨૧, તા.૦૪/૦૮/૨૦૨૧.
(૨) ક્રમાંક/એકેડેમિક/૯૮૨/૨૦૨૧-૨૨, તા.૦૬/૦૮/૨૦૨૧.
(૩) ક્રમાંક/બીકેએનએમયુ/પરીક્ષા/૧૫૩૬/૨૦૨૧, તા.૦૩/૦૯/૨૦૨૧.
(૪) ક્રમાંક/બીકેએનએમયુ/પરીક્ષા/૧૮૩૦/૨૦૨૧, તા.૧૩/૧૦/૨૦૨૧.
(૫) ક્રમાંક/બીકેએનએમયુ/એકેડેમિક/૧૨૨૫/૨૦૨૧, તા.૨૯/૦૯/૨૦૨૧.
(૬) ક્રમાંક/બીકેએનએમયુ/એકેડેમિક/૧૦૫૬/૨૦૨૧, તા.૨૫/૦૮/૨૦૨૧.

ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓ, અનુસ્નાતક કેન્દ્રોના આચાર્યશ્રીઓ/પ્રોફેસર ઇન્ચાર્જશ્રીઓ તથા માન્ય સંસ્થાઓના વડાઓને જણાવવામાં આવે છે કે શૈક્ષણિક વર્ષઃ૨૦૨૧-૨૨માં સંદર્ભ (૧), (૨), (૫) તથા (૬) થી પ્રવેશ કાર્યવાહી કરવા જણાવવામાં આવેલ. કોલજો તથા વિદ્યાર્થીઓની રજૂઆત ધ્યાને લઇ માનનીય કુલપતિશ્રી દ્વારા વિદ્યાર્થી હિતમાં અને વિદ્યાર્થી પ્રવેશથી વંચિત ન રહે તે હેતુથી જે વિદ્યાર્થીઓએ ઓનલાઇન ફોર્મ ભરેલા છે અને પ્રવેશ નથી મેળવેલ તેવા વિદ્યાર્થીઓ તેમજ ઓનલાઇન ફોર્મ ભરેલા નથી અને પ્રવેશ મેળવવાનો બાકી છે તેવા તમામ વિદ્યાર્થીઓ માટે ઓફલાઇન ફોર્મ સ્વિકારી કોલેજ કક્ષાએથી ઓનલાઇન કાર્યવાહી કરી રાજ્ય સરકારશ્રીના પ્રવર્તમાન અનામતનાં નિયમો અનુસાર પ્રવેશ કાર્યવાહી તા.૨૨/૧૧/૨૦૨૧ થી તા.૨૫/૧૧/૨૦૨૧ સુધીમાં પૂર્ણ કરવાની રહેશે.

વધુમાં, જુદી જુદી વિદ્યાશાખાઓના એનરોલમેન્ટ, પી.જી. રજીસ્ટ્રેશન તેમજ પ્રોવિઝનલ એલિજિબિલિટી સર્ટીફીકેટ અંગેના ફોર્મ સ્વિકારવા અંગેની તારીખ નીચે મુજબ રહેશે. જેની તમામ સંબંધીતોએ ખાસ નોંધ લેવી.

| | | |
|---|---|---|
| ૧ | એનરોલમેન્ટ (યુ.જી. સેમેસ્ટર-૧) | દંડાત્મક ફી સાથે રૂ.૭૧૫૦/- |
| | | તા.૨૬/૧૧/૨૦૨૧ |
| ૨ | પી.જી. રજીસ્ટ્રેશન (પી.જી. સેમેસ્ટર-૧) | દંડાત્મક ફી સાથે રૂ.૭૨૦૦/- |
| | | તા.૨૬/૧૧/૨૦૨૧ |
| | | |
| ૧ | પ્રોવિઝનલ એલિજિબિલિટી સર્ટીફીકેટ (યુ.જી./પી.જી. સેમેસ્ટર-૧) | દંડાત્મક ફી સાથે રૂ.૭૧૫૦/- |
| | | તા.૨૫/૧૧/૨૦૨૧ |

ઉક્ત બાબતે સંદર્ભ પરિપત્ર (૩) તથા (૪) મુજબની બાકીની તમામ વિગત અને સૂચનાઓ યથાવત રહેશે.

નોંધઃ (૧) ઉપરોક્ત પ્રવેશ પ્રક્રિયા માટે જે તે કોલેજ/પી.જી.સેન્ટર દ્વારા ઇન્ટેક/સંખ્યાની મર્યાદામાં વિદ્યાર્થીઓને પ્રવેશ આપવાનો રહેશે.
(૨) વિદ્યાર્થીઓને અભ્યાસક્રમ પૂર્ણ કરાવવાની સપૂર્ણ જવાબદારી જે તે કોલેજ/પી.જી.સેન્ટરની રહેશે.

કા.કુલસચિવ

ક્રમાંક/બીકેએનએમયુ/એકેડેમિક/૧૫૭૩/૨૦૨૧
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી,
ગવર્મેન્ટ પોલીટેકનિક કેમ્પસ, ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી રોડ, ખડીયા-જૂનાગઢ.
તા.૧૭/૧૧/૨૦૨૧

પ્રતિ,
- ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજના આચાર્યશ્રીઓ/અનુસ્નાતક કેન્દ્રોના આચાર્યશ્રીઓ/પ્રોફેસર ઇન્ચાર્જશ્રીઓ તથા માન્ય સંસ્થાઓના વડાઓ તરફ.....

<u>નકલ સાદર રવાનાઃ-</u>
(૧) માન.કુલપતિશ્રી/કુલસચિવશ્રીનાં અંગત સચિવશ્રી.

<u>નકલ રવાના જાણ તથા યોગ્ય કાર્યવાહી અર્થે:</u>
(૨) પરીક્ષા વિભાગ (૩) આઇ.ટી.સેલ વિભાગ વેબસાઇટ ઉપર પ્રસિદ્ધ થવા અર્થે (૪) હિસાબી શાખા.